**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

ક.યુ./ઇ.સી./મિનિટસ/૨૨ ડિસે.-૨૦૧૭/૨૦૧૭-૧૮/૧૮૫૩ તા.૦૧/૦૧/૨૦૧૮

પ્રતિ,
તમામ સભ્યશ્રીઓ,
એકિઝકયુટીવ કાઉનિસલ,
ફાયનાન્સ સમિતિ,
બિલ્ડીગ સમિતિ,
ખરીદ સમિતિ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :** **ગત તા.૨૨/૧૨/૨૦૧૭ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલ, ફાયનાન્સ સમિતિ, બિલ્ડીગ સમિતિ અને ખરીદ સમિતિના સભ્યશ્રીઓની સંયુકત સભાની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને કચ્છ યુનિવર્સિટીની તા.૨૮/૧૧/૨૦૧૭ ના રોજ યોજાયેલ એકિઝકયુટીવ કાઉનિસલ, ફાયનાન્સ સમિતિ, બિલ્ડીગ સમિતિ અને ખરીદ સમિતિના સભ્યશ્રીઓની સંયુકત સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ**

બિડાણ:- એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૨૨મી ડિસેમ્બર– ૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ ૨૨મી ડિસેમ્બર–૨૦૧૭ ના રોજ શુક્રવારે સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી શ્રવણસિંહ વાધેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ડો. એમ.જી.ઠક્કર. પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી રીડર, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી પ્રવિણભાઇ પીંડોરીયા માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.ડી.એમ.બકરાણીયા, કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજની એકિઝકયુટીવ કાઉનિસલ, ફાયનાન્સ સમિતિ, બિલ્ડીગ સમિતિ અને ખરીદ સમિતિના સભ્યશ્રીઓની સંયુકત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી બાબત.

**ઠરાવઃ– ૧. તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ પુખ્ત ચર્ચા અને વિચારણને અંતે ઠરાવ નંઃ ૮ અને ૯માં દર્શાવ્યા મુજબની ફાઇલ તૈયાર કરી આસી.સિવિલ ઇજનેરશ્રી મારફતે ઉપલબ્ધ ન થઇ હોય તે ફાઇલ તેઓશ્રી દ્વારા તૈયાર કરાવી તા:૦૯/૧૦/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવઃ–૦૭ અન્વયે રચાયેલ યુનિવર્સિટી નવીનીકરણ સમિતિ સમક્ષ રજુ કરવાની સુચના સાથે નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૨. કચ્છ યુનિવર્સિટી ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની પ્રવેશની બેઠકો બાબત. (નોંધઃ– કચ્છ યુનિવર્સિટી સલંગ્ન કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતાં અનુસ્નાતક અભ્યાસક્રમો પૈકી સબંધિત પરિષદ લાગુ ન પડતી હોય તેવા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી બેઠકોની સંખ્યા નકિક કરવા બાબત.)

**ઠરાવઃ– ૨. કચ્છ યુનિવર્સિટી સલંગ્ન કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતાં અનુસ્નાતક અભ્યાસક્રમો પૈકી સબંધિત પરિષદ લાગુ ન પડતી હોય તેવા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી બેઠકોની સંખ્યા ૬૦ (સાઠ) નકિક કરવા કરવામાં આવી અને તદાંપરાત જરૂરીયાત જણાય તો બેઠકોની સંખ્યામાં વધારો કરવાની સતા માનનીય કુલપતિશ્રીને સોપાવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. કચ્છ યુનિવર્સિટી ખાતે મંજુર મહેકમ સિવાયના કાર્યરત કર્મચારીના કર્મચારી ભવિષ્ય નિધિ ફંડ બાબત.

(નોંધ:– તા.૦૪/૧૨/૨૦૧૩ ના રોજ પત્ર ક્રમાંક નં.GJ/RAJ/0078531/000/ 0-1 /IW /995 થી ઇ.પી.એફ. નં. GJRAJ/0078531/000 ફાળવવામાં આવેલ. જે અન્વયે વખતો–વખતની કપાત થયેલ નથી અને તે અંગે સબંધિત કચેરીના પત્રો અન્વયે કાર્યવાહી પણ હાથ ધરાયેલ નહોતી. સબંધિત કચેરીના વર્ષ–૨૦૧૬–૧૭ ના તા.૧૪/૦૭/૨૦૧૭ના પત્ર અન્વયે મુખ્ય હિસાબી અધિકારીશ્રીની રૂબરૂ મુલાકાત લીધેલ અને તેઓશ્રી દ્વારા થયેલ નોંધ અન્વયે માન.કુલપતિશ્રીના આદેશ મુજબ સદર બાબતે તા.૦૪/૦૮/૨૦૧૭ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૦૯ થી સુચવ્યા મુજબ રાજ્ય અન્ય યુનિવર્સિટીઓમાં માહિતી મેળવવા કાર્યવાહી હાથ ધરેલ. તા.૨૮/૧૧/૨૦૧૭ ના રોજ ઇ.પી.એફ. કચેરી મારફતે યુનિવર્સિટીનું ખાતુ ધરાવતી બેંકોમાં યુનિવર્સિટીના ખાતા ડીસ–અટેચ કરવા સંદર્ભે કરેલ ભલામણથી યુનિવર્સિટીના બેંક ખાતા ડીસ–અટેચ કરવામાં આવેલ. આ સંદર્ભે ઇ.પી.એફ. કચેરીમાં ટેલીફોનિક ચર્ચા બાદ તા.૦૨/૧૨/૨૦૧૭ ના રોજ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની પુનઃ રૂબરૂ મુલાકાત લીધેલ. જે સંદર્ભે ઇ.પી.એફ. કચેરી દ્વારા કર્મચારીઓના જુદા–જુદા પુરાવાઓ રજુ કરવાના થાય છે અથવા કાયદાકીય કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે. આ ઉપરાંત સદર બાબતે સને ૨૦૧૪–૧૫ ના સામાન્ય ફંડના હિસાબોના અન્વેષણ અહેવાલમાં થયેલ ટીપ્પણી ધ્યાને લઇ ચર્ચા–વિચારણાના અંતે નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૩. કચ્છ યુનિવર્સિટી ખાતે મંજુર થયેલ મહેકમ સિવાયના કાર્યરત કર્મચારીના કર્મચારી ભવિષ્ય નિધિ ફંડ અન્વયે કર્મચારીઓના ઓર્ડર રીન્યુ કર્યા તે તારીખ:૦૫/૦૮/૨૦૧૭થી ઇ.પી.એફ.ચુકવવું. આ અંગે કર્મચારીની લેખિત બાંહેધરી લઇ કાર્યવાહી હાથ ધરવા પ્રક્રિયા કરવી. જો કોઇ કર્મચારી આ બાબતે સહમત ન હોય તેવા સંજોગોમાં તે કર્મચારીનો ઓર્ડર રીન્યુ ન કરવો અને વર્તમાન ફરજમાંથી મુક્ત કરવા. હવેથી જરૂરી જણાય ત્યારે મેન પાવર આઉટ સોર્સીગથી મેળવા અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. કચ્છ યુનિવર્સિટીની મિલ્કતોનો વિમો તથા ઘસારા ભંડોળ ઉભું કરવા બાબત.
(નોંધ:– સદર બાબતે સને ૨૦૧૪–૧૫ ના સામાન્ય ફંડના હિસાબોના અન્વેષણ અહેવાલમાં મિલ્કતોનો વિમો તથા ઘસારા ભંડોળ ઉભું કરવા થયેલ ટીપ્પણી ધ્યાને લઇ ચર્ચા–વિચારણાના અંતે નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૪. કચ્છ યુનિવર્સિટીની મિલ્કતોનો વિમો તથા ઘસારા ભંડોળ ઉભું કરવા સદર બાબતે સને ૨૦૧૪–૧૫ ના સામાન્ય ફંડના હિસાબોના અન્વેષણ અહેવાલમાં મિલ્કતોનો વિમો તથા ઘસારા ભંડોળ ઉભું કરવા થયેલ ટીપ્પણી ધ્યાને લઇ નવા નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ થી એટલે કે તા:૦૧/૦૪/૨૦૧૮થી જોગવાઇ કરવા અને સંબંધિત કામગીરી બાંધકામ શાખા દ્વારા હાથ ધરવાનો આદેશ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. એમ.ફિલ. વ્યાખ્યાતાનું મહેનતાણું નકિક કરવા બાબત.
(નોંધ:– યુનિવર્સિટીમાં જુદા–જુદા વિભાગમાં ચાલતાં એમ.ફિલ. અભ્યાસક્રમમાં યુનિવર્સિટી ખાતે કાર્યરત અધ્યાપકશ્રીઓ દ્વારા લેવામાં આવતાં વ્યાખ્યાનના મહેનતાણાંના દર નકિક કરવા બાબત.)

**ઠરાવઃ– ૫. કચ્છ યુનિવર્સિટીમાં જુદા–જુદા વિભાગમાં ચાલતાં એમ.ફિલ. અભ્યાસક્રમમાં યુનિવર્સિટી ખાતે કાર્યરત અધ્યાપકશ્રીઓ દ્વારા લેવામાં આવતાં વ્યાખ્યાનના મહેનતાણાંના દર મુલાકાતી વ્યાખ્યાતાને ચુકવાતા હોય તે મુજબ જ ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. પરીક્ષા શુધ્ધિ સમિતિના સીટીંગ એલાઉન્સની રકમ નકિક કરવા બાબત.

**ઠરાવઃ– ૬. પરીક્ષા શુધ્ધિ સમિતિનું કાર્ય પરીક્ષાલક્ષી હોય તેવું ચર્ચા વિચારણાના અંતે ફલિત થતા પરીક્ષા શુધ્ધિ સમિતિના સભ્યોશ્રીઓને સીટીંગ એલાઉન્સની રકમ ચુકવવાની રહેતી નથી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. કચ્છ યુનિવર્સિટીની ડાયરી અને કેલેન્ડર છપાવવા બાબત.

**ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીની ડાયરી અને કેલેન્ડર ઉપરાંત વાર્ષિક અહેવાલ પણ છપાવવાની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટીના હાલના ટેન્ડર/કોન્ટ્રાકટ માર્ચમાં પૂર્ણ થતાં હોઇ નવેસરથી પ્રક્રિયા હાથ ધરવા બાબત.

**ઠરાવઃ– ૮ કચ્છ યુનિવર્સિટીના હાલના ટેન્ડર/કોન્ટ્રાકટ માર્ચમાં પૂર્ણ થતાં હોઇ નવેસરથી પ્રક્રિયા હાથ ધરવા તથા ટેન્ડર/કોન્ટ્રાકટની તમામ શરતો અને નીતિ નિયમો મેનેજર વહીવટ દ્વારા તૈયાર કરી હિસાબી શાખા દ્વારા મંજૂરી મેળવી આગામી એક્ઝિકયુટીવ કાઉન્સીલમાં મુકવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. યુનિવર્સિટી ખાતે વર્તમાનમાં કાર્યરત પાર્ટી/ પૂર્વે કાર્ય કરેલ હોય તેવી પાર્ટી પાસેથી ઓડિટ સંદર્ભે નાણાં વસુલવા બાબત.
(નોંધઃ– સદર બાબતે સને ૨૦૧૪–૧૫ ના સામાન્ય ફંડના હિસાબોના અન્વેષણ અહેવાલમાં યુનિવર્સિટી ખાતે વર્તમાનમાં કાર્યરત પાર્ટી/ પૂર્વે કાર્ય કરેલ હોય તેવી પાર્ટી પાસેથી વસુલાત અંગે થયેલ ટીપ્પણી ધ્યાને લઇ ચર્ચા–વિચારણાના અંતે નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૯. સને ૨૦૧૪–૧૫ ના સામાન્ય ફંડના હિસાબોના અન્વેષણ અહેવાલ થયેલ ટીપ્પણીના વાંચન અને ચર્ચા વિચારણાના અંતે દર્શાવેલ તમામ પેરા મુજબ હિસાબી શાખા મારફતે સ્પષ્ટતા મેળવવાના અને યુનિવર્સિટી ખાતે વર્તમાનમાં કાર્યરત પાર્ટી/ પૂર્વે કાર્ય કરેલ હોય તેવી પાર્ટી પાસેથી ઓડિટ સંદર્ભે નાણાં વસુલવા અંગેની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. યુનિવર્સિટી સ્ટાફ કવાર્ટસના ફાળવણીના નીતિ અને નિયમો બહાલ કરવા બાબત.
(નોંધઃ– તાઃ૦૯/૧૦/૨૦૧૭ની એકિઝકયુટીવ કાઉન્સીલના સભાના ઠરાવ નંઃ૧૩ થી રચાયેલ સમિતિ દ્વારા પત્ર ક્રમાંક No. KU/DEES/279/2017 , તાઃ૧૬મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ કવાર્ટસ ફાળવણીના નીતિ–નિયમો અને અરજીઓના નિયત નમુનાઓ તૈયાર કરેલ તે બહાલ બાબત.)

**ઠરાવઃ– ૧૦. યુનિવર્સિટી સ્ટાફ કવાર્ટસના ફાળવણીના નીતિ અને નિયમોની નકલ તમામ એકિઝક્યુટીવ કાઉન્સીલના તમામ સભ્યશ્રીઓને અભ્યાસ અર્થે આપવામાં આવી અને તેઓશ્રી દ્વારા સુધારા વધારા સુચવવા અંગે જાણ કરવામાં આવી. સુધારા વધારાના અંતે આખરી થયેલ નીતિ–નિયમો સભામાં બહાલ અર્થે મુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષના સ્થાયી ખર્ચ આવક સહિત અંદાજપત્રક પ્લાન/નોન પ્લાનના અંદાજોનો ખર્ચ અંગે મોકલાવેલ અંદાજપત્રક બહાલ કરવા બાબત.

**ઠરાવ:– ૧૧.** નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષના સ્થાયી ખર્ચના આવક સહિત અંદાજપત્રક પ્લાન /નોન પ્લાન બજેટ તા:૨૦/૧૨/૨૦૧૭ના રોજ પત્રક ક્રમાંક: ક.યુ./બજેટ/હસબ/૨૦૧૭થી સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મંજુરીની અપેક્ષાથી મોકલાવેલ જે વાંચનને અંતે સર્વાનુમતે બહાલ કરવા ઠરાવવામાં આવ્યું.

૧૨. શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતું સંચાલિત શેઠ એસ.વી.આર્ટસ અને કોમર્સ કોલેજ–માંડવી ખાતે કાર્યરત કરાર આધારીત અધ્યાપકોને છુટા કરવા બાબત.

**ઠરાવ:– ૧૨.** શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતું સંચાલિત શેઠ એસ.વી.આર્ટસ અને કોમર્સ કોલેજ–માંડવી ખાતે કાર્યરત કરાર આધારીત અધ્યાપકોને છુટા કરવા બાબતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યાં. વિદ્યાર્થીઓની માનનીય કુલપતિશ્રી સમક્ષ થયેલ રજુઆત અન્વયે વિદ્યાર્થીહિત માટે માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને નીચે દર્શાવેલએક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓની સમિતિએ તા:૨૩/૧૨/૨૦૧૭ના રોજ સ્થળ પર વિદ્યાર્થીઓ, વાલીઓ, અધ્યાપકશ્રી અને સંસ્થાના મંડળના સભ્યશ્રીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તપાસ કરવા બાદ નિર્ણય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૩. ડો.જીગ્નેશ હરીદાન ટાપરીયાની તા:૨૧/૧૨/૨૦૧૭ની અરજી બાબત.

**ઠરાવ:– ૧૩.** મનોવિજ્ઞાન વિષયમાં મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર હાજર થવા અન્વયે ડો.જીગ્નેશ હરીદાન ટાપરીયાની તા:૨૧/૧૨/૨૦૧૭ની અરજી અન્વયે ડો.સુશીલ ધર્માણી દ્વારા સુચવ્યા મુજબ સરકારશ્રીના નિયમ અનુસાર કુલ ૧૮૦ દિવસ સુધીમાં હાજર થવાની મર્યાદા હોય ડો.જીગ્નેશ હરીદાન ટાપરીયાની નિમણુંક પત્રકની તા:૦૩/૧૦/૨૦૧૭ હોવાથી તેઓશ્રીને તા:૦૨/૦૪/૨૦૧૮ સુધી મુદત વધારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૪. શૈક્ષણિક વર્ષ: ૨૦૧૭–૧૮થી અભ્યાસક્રમ બંધ કરવા બાબત.

**ઠરાવ:– ૧૪.** શૈક્ષણિક વર્ષ: ૨૦૧૭–૧૮થી નીચે દર્શાવેલ વિગતે દર્શાવેલ અભ્યાસક્રમો બંધ કરવા બાબતે સંબંધિત મંડળ દ્વારા મળેલ અરજીઓ ગ્રાહય રાખી જે તે અભ્યાસક્રમ બંધ કરવા અને તે માટે જરૂરી કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ નં. | કોલેજનું નામ | સંચાલક મંડળનું નામ | અભ્યાસક્રમનું નામ |
|---|---|---|---|
| ૦૧ | કોલેજ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન | રાષ્ટ્રીય સ્વભિમાન–ઈન્દ્રપ્રસ્થ. | સ્પેશિયલ બી.એડ્. |

| | | | |
|---|---|---|---|
| ૦૨ | કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોમેશન ટેકનોલોજી | ધી મુસ્લીમ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી–ભુજ. | બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (બી.સી.એ.) |

૧૫. યુનિવર્સિટીના સતામંડળ દ્વારા વકીલોની પેનલ નિયુક્ત કરવા બાબત.

**ઠરાવ:– ૧૫.** **યુનિવર્સિટીને કાયદાકીય પ્રશ્ન અંગે જરૂરી કાયદાકીય માર્ગદર્શન, સલાહ સુચનો કે કેસ માટે વકીલોની પેનલ નિયુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરવાની સતા માન.કુલપતિશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. યુ.જી.સીની માર્ગદર્શિકા મુજબ જુદા જુદા સેલોની રચના બાબત.

**ઠરાવ:– ૧૬.** **યુ.જી.સીની માર્ગદર્શિકા મુજબ યુનિવર્સિટી ખાતે જુદા જુદા સેલોની રચના કરવાની તથા જે સેલ અસ્તિત માં હોય તેના પુનગઠન માટે નીચે મુજબના જુદા જુદા સેલોના કો–ઓર્ડિનેટરશ્રીની નિયુકત કરવામાં અને સંબંધિત સેલ માટેનું યુ.જી.સીની માર્ગદર્શિકા મુજબનું બંધારણ તૈયાર કરવા કો–ઓર્ડિનેટરશ્રીને જવાબદારી સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ નં. | સેલનુંનામ | નિયુક્ત કો–ઓર્ડિનેટરશ્રીનું નામ |
|---|---|---|
| ૦૧ | Entrepreneurship Development Cell | ડો.શિતલ બાટી શ્રોફ |
| ૦૨ | Women's Forum-Women Development Cell | ડો.દર્શનાબેન ધોળકીયા |
| ૦૩ | Training and Placement Cell | ડો.કનિષ્ક શાહ |
| ૦૪ | Grievance Redressal Cell | ડો.કે.એમ.ત્રિવેદી |
| ૦૫ | Industrial interaction and institutional Cell | ડો.કનિષ્ક શાહ<br>ડો.શિતલ બાટી શ્રોફ |
| ૦૬ | Cultural Cell | ડો.આર.વી.બસીયા |
| ૦૭ | Alumni Cell | ડો.ગોરવ ડી.ચૌહાણ |
| ૦૮ | Student support cell-NSS, Government Schemes and benefits awareness etc. | શ્રી ચિરાગ પટેલ |
| ૦૯ | SC / ST Cell | શ્રી મિલિંદ સોલંકી |

૧૭. યુનિવર્સિટીના ખાતે જુદા જુદા વિષયનાં નવા અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

**ઠરાવઃ- ૧૭.** **યુનિવર્સિટી ખાતે જુદા જુદા વિષયનાં નીચે દર્શાવેલ નવા અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે કાર્યવાહી હાથ ધરવાની સતા માન.કુલપતિશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ નં. | વિષયનું નામ |
|---|---|
| ૦૧ | લાઇફ સાયન્સ |
| ૦૨ | ભોતિકશાસ્ત્ર |
| ૦૩ | હિન્દી |
| ૦૪ | ઇતિહાસ |
| ૦૫ | આંકડાશાસ્ત્ર |

૧૮. આજરોજ તાઃ૨૨/૧૨/૨૦૧૭ના યોજાયેલ બાંધકામ, ખરીદી અને નાણા સમિતિની સભામાં થયેલ કાર્યવાહી બાબત.

**ઠરાવઃ- ૧૮.** **આજરોજ તાઃ૨૨/૧૨/૨૦૧૭ના યોજાયેલ બાંધકામ, ખરીદી અને નાણા સમિતિની સભામાં થયેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૧૯. પરીક્ષા માટે જરૂરી સ્ટેનશનરીના ટેન્ડર બાબત.

**ઠરાવઃ- ૧૯. પરીક્ષા માટે જરૂરી સ્ટેનશનરીના ટેન્ડરની પ્રક્રિયા આજરોજ તાઃ૨૨/૧૨/૨૦૧૭ના હાથ ધરતા એક પણ પાર્ટી દ્વારા ટેન્ડર ભરાયેલ નથી આ પરિસ્થિતિમાં જરૂરીયાતને ધ્યાને લઇ સદર ટેન્ડરમાં દર્શાવેલ પરીક્ષા માટેની જરૂરી સ્ટેશનરી ઓનલાઇન ટેન્ડરીગના સ્થાને ઓફ લાઇન ટેન્ડરીગ પ્રક્રિયા હાથ ધરી ખરીદી કરવાની કાર્યવાહી હાથ ધરવા અને ખરીદી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

**નકલ સવિનય રવાનાઃ-** માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.